# એસટી કર્મચારીઓની હડતાળ મોકુફ

## બોર્ડની પરીક્ષામાં વિદ્યાર્થીઓને તકલીફ ન થાય તે ઉદ્દેશ્ય

ગાંધીનગર, તા.૧૫

એસટી કર્મચારીઓની હડતાળ આખરે મોકુફ કરવાનો નિર્ણય કરાયો છે. સરકાર તરફથી કર્મચારીઓની માંગણી તરફ ધ્યાન આપવાની હકારાત્મક બાયધરી આપવામાં આવ્યા બાદ એસટી કર્મચારીઓએ હડતાળને મોકુફ કરવાનો નિર્ણય કર્યો છે. આનાથી એક મોટી તકલીફ ટળી ગઈ છે કારણ કે હાલ ગુજરાતભરમાં બોર્ડની પરીક્ષા પણ ચાલી રહી છે. ઉલ્લેખનીય છે કે, આજથી શરૂ થયેલી બોર્ડ પરીક્ષાઓના વિદ્યાર્થીઓને હેરાનગતિ ન થાય તે માટે બંને પક્ષે નમતુ જોખવામાં આવ્યું હતું. સાતમાં પગાર પંચનો અમલ, ૩૩ ટકા બાકી એરીયર્સ તેમજ ફિક્સ પગાર ધરાવતા કર્મચારીઓના પગારમાં વધારો કરવા સહિતની કુલ ૬૧ માંગણીઓ સાથે ગુજરાત રાજયના એસટી નિગમના કર્મચારીઓ ૧૬ અને ૧૭ માર્ચે હડતાળ પર જવાની જાહેરાત કરી હતી. ૧૫ માર્ચથી ગુજરાતમાં બોર્ડની પરીક્ષા શરૂ થઈ છે, ત્યારે એસટીના કર્મચારીઓની હડતાળને પગલે સરકારી તંત્ર દોડતું થઈ ગયું હતું. ત્રણ દિવસની રજા અગાઉ એસટીના કર્મચારી યુનિયનોએ વાહન વ્યવહારપ્રધાન અને સચિવ સાથે બેઠક યોજી હતી, અને ચર્ચા વિચારણા કરી હતી. જો કે એક પણ મુદ્દે નીવેડો આવ્યો ન હતો. અમદાવાદના ગીતા મંદિર બસ સ્ટેન્ડ પર એસટીના કર્મચારીઓએ દેખાવો યોજીને વિરોધ પ્રદર્શન કર્યું હતું.

## રાજ્યમાં ફિવર હેલ્પલાઈન ૧૦૪ શરૂ કરાશે

### ૨૦૨૨ સુધીમાં ગુજરાતને મેલેરીયા મુક્ત કરવાનો હેતુ : નવ બ્લડ બેંક, ૪૧ બ્લડ સ્ટોરેજ યુનિટ હશે : જિલ્લાની હોસ્પિટલોમાં સુપર સ્પેશિયાલિટી તબીબોની સેવા લેવાશે

આગામી પાંચ વર્ષમાં એટલે કે વર્ષ-૨૦૨૨ સુધીમાં ગુજરાત રાજયને મેલેરિયા મુક્ત રાજય કરવાનું લક્ષ્યાંક છે. આરોગ્ય અને પરિવાર કલ્યાણ રાજયમંત્રી શંકરભાઈ ચૌધરીએ આજે વિધાનસભા ગૃહમાં આ જાહેરાત કરતા જણાવ્યું હતું કે, રાજયના તમામ વિસ્તારોમાં તાવના કેસોમાં ત્વરિત નિદાન અને સારવાર ઉપલબ્ધ કરાવવા ફીવર હેલ્પ લાઈન-૧૦૪ શરૂ કરાશે. લોકોને વિનામુલ્યે આરોગ્યની સેવાઓ ઝડપથી પહોંચાડવામાં પણ આ એક મહત્વનું પગલું સાબિત થશે. આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગની અંદાપત્રીય માંગણીઓ પરની ચર્ચાનો જવાબ આપતાં મંત્રી શંકરભાઈ ચૌધરીએ જણાવ્યું હતું કે, ગુજરાતના કોઈપણ વિસ્તારમાંથી ૧૦૪ પર કોલ કરવાથી સ્થાનિક આરોગ્ય તંત્ર દ્વારા જરૂરી સેવાઓ પહોંચાડવામાં આવશે. મેલેરિયાના કેસોમાં રોગ અટકાયત પગલાઓ લેવાશે. વર્ષ-૨૦૧૭થી અભિયાન હાથ ધરાશે અને વર્ષ-૨૦૨૨ સુધીમાં મેલેરિયા મુક્ત રાજય બનાવાશે.

જિલ્લાની સિવિલ હોસ્પિટલો અને જિલ્લા કક્ષાની હોસ્પિટલોમાં પણ મગજના રોગો માટે ન્યુરોસર્જરી ન્યુરોફિઝિશીયન, પેટના રોગો માટે ગેસ્ટ્રોસર્જન પેશાબના રોગો માટે યુરોલોજીસ્ટ, કીડનીન રોગો માટે નેફ્રોલોજીસ્ટ અને હૃદયના રોગો માટે કાર્ડીયોલોજીસ્ટ જેવા સુપર સ્પેશ્યાલીટી સારવાર આપતા તજજ્ઞ તબીબોની સેવાઓ ઉપલબ્ધ કરાવવાનુંઆયોજન થયુંછે. સીએમ સેતુ યોજના અંતર્ગત રાજયમાં મેડીકલ કોલેજો સાથે સંલગ્ન હોસ્પિટલો, જીએમઈઆઈએસ સંચાલિત હોસ્પિટલો અને જિલ્લા કક્ષાની હોસ્પિટલોમાં પણ ખાનગી તજજ્ઞ તબીબોની સેવાઓ ઉપલબ્ધ કરાવી શકાય એવું આયોજન છે.

અત્યારે તાલુકા કક્ષાએ દર્દીઓને મેડીસીન, સર્જરી, ગાયનેક અને પીડીયાટ્રીશીયનની સુપર સ્પેશ્યાલીટી સારવાર માટે ૨૭૩ જેટલા તબીબોની લેવાઈ રહી છે. રાજયની વિવિધ હોસ્પિટલોમાં આવેલી બ્લડ બેન્કો અને બ્લડ સ્ટોરેજ યુનિટોને અદ્યતન અને વધુ ગુણવત્તાયુક્ત બનાવવાનું રાજય સરકારનું આયોજન છે. ૯ બ્લડ બેન્ક અને ૪૧ બ્લડ સ્ટોરેજ યુનિટ કાર્યરત કરવા ૧૩.૫૬ કરોડની જોગવાઈ પણ કરવામાં આવી છે.

## કવાંટ ખાતે આદિજાતિ ગેર મેળામાં રૂપાણી ઉપસ્થિત

અમદાવાદ, તા.૧૫

મુખ્યમંત્રી વિજય રૂપાણીએ આજે છોટાઉદેપુર જિલ્લાના કવાંટ ખાતે વિશ્વ વિખ્યાત ગેરનો મેળો નિહાળ્યો હતો અને કલા અને સંસ્કૃતિનાં રંગોત્સવની ઉજવણીમાં વનબંધુઓ સાથે જોડાઈને તેમનો ઉત્સાહ વધાર્યો હતો. કવાંટનો ગેરનો મેળો છોટાઉદેપુર પંથકમાં હોળી મેળાઓમાં શિરમોર ગણાય છે. રાજયના મુખ્યપ્રધાન ગેરના મેળા પ્રસંગે કવાંટ આવ્યા હોય એવી ઐતિહાસિક ઘટના હતી. મુખ્યમંત્રીએ આદિજાતિઓ માટે દિવાળીથી પણ અદકેરૂ મહત્વ ધરાવતો હોળીનો આ મેળો આદિજાતિ વનબંધુઓના જીવનમાં, આનંદ, ઉલ્લાસ, ઉમંગ, સમૃધ્ધિ અને આરોગ્યના નવંની રંગોની રંગોળી પુરે એવી શુભેચ્છા પાઠવી હતી. વિધાનસભાના સત્ર વચ્ચેથી સમય ફાળવીને પણ મુખ્યમંત્રીએ છોટાઉદેપુર જિલ્લાની પૂર્વ પટ્ટીના આદિજાતિ મેળામાં સહભાગી કોલેજ શરૂ કરીને આદિજાતિ સંતાનોને તબીબી બનવાનો માર્ગ મોકળો કરવા સરકાર સંકલ્પબધ્ધ છે. તેમણે જણાવ્યું કે રાજય સરકારે પેસા એક્ટના અમલીકરણથી આદિજાતિ ક્ષેત્રના લોકેને વચેટીયા વગર



બનવાનું સૌજન્ય દાખવ્યું હતું. તેમણે ગેરના મેળામાં ટ્રાયબલ ટુરીઝમને વેગ મળે એવા આયોજન માટે છોટાઉદેપુર જિલ્લા પ્રશાસન અને ગુજરાત પ્રવાસન નિગમને અભિનંદન આપ્યા હતા. જૈનાચાર્ય રાજેન્દ્ર મુનિએ મુખ્યમંત્રીને આવકારની સાથે શુભાશિષ પ્રદાન કર્યા હતા. રાજય સરકારનો સર્વાંગી અને બહુપાસીય આદિજાતિ કલ્યાણનો સંકલ્પ દોહરાવતા મુખ્યમંત્રીએ જણાવ્યું હતું કે, રાજયની આરોગ્ય નિતિ હેઠળ પ્રત્યે આદિજાતિ જિલ્લામાં એક મેડિકલ વિકાસની બહુમુલ્ય તકો અધિકારી ઉપલબ્ધ કરાવ્યા છે. વિજય રૂપાણીએ સિકલસેલ એનિમીયા પિડીત આદિજાતિઓ માટે નિર્વાહ ભથ્થુ તથા વિનામુલ્યે સારવારની સુવિધા, એકલવ્ય નિવાસી શાળાઓ દ્વારા આદિજાતિ સંતાનોના ગુણવત્તાસભર શિક્ષણની ઘરઆંગણાની સુવિધા, આદિજાતિ વિસ્તારની શાળાઓમાં શિક્ષકોની ભરતીની વિશેષ છુટ, આરોગ્યતંત્રનું મજબુતીકરણ સહિત આદિજાતિ અને સર્વ સમાજ કલ્યાણના રાજય સરકારના આયોજનોની રૂપરેખા રજુ કરી હતી.

## ગુજરાત ઈનોવેશન સોસાયટીએ ૬ઠ્ઠા ઈનોવેશન એવોર્ડ્સ માટે નોમિનેશન મંગાવ્યાં

ગુજરાત ઈનોવેશન સોસાયટી (જીઆઈએસ) તેના વાર્ષિક ઈનોવેશન એવોર્ડ્સ માટે નોમિનેશન આમંત્રિત કરી રહ્યું છે. ઈનોવેશન,



ઈનોવેટર્સ તથા ઉદ્યોગો, પ્રોફેશ્નલ્સ અને વિદ્યાર્થીઓને ઈનોવેશન સંસ્કૃતિ અપનાવવા પ્રેરણા આપતી જીઆઈએસ એવાં વ્યક્તિઓ અને સંસ્થાઓ પાસેથી નોમિનેશન મંગાવી રહી છે કે જેમણે પોતાની નવીન કામગીરી અને પ્રયાસોથી સમાજ ઉપર સકારાત્મક અસરો પેદા કરી હોય. વ્યક્તિઓ અને સંસ્થાઓ ૨૦મી માર્ચ, ૨૦૧૭ સુધીમાં પોતાનો નોમિનેશન મોકલી શકશે. ૧૯મી એપ્રિલ, ૨૦૧૭ના રોજ ક્રાઉન પ્લાઝા અમદાવાદ ખાતે એવોર્ડ સમારોહ યોજાશે.

નોમિનેશન મુખ્યત્વે ત્રણ એવોર્ડ કેટેગરી—હર્ક્યુલસ, ઈનોવેટિવ અચિવર્સ અને ટ્રેન્ડ સેટર હેઠળ પ્રાપ્ત કરાશે. સમગ્ર એવોર્ડ પ્રોસેસ વિશ્વભરમાં પ્રખ્યાત પ્રાઈઝવોટરહાઉસકૂપર્સ (પીડબલ્યુસી) દ્વારા ડિઝાઈન અને માન્ય કરવામાં આવી છે, જે આ કાર્યક્રમનું નોલેજ પાર્ટનર પણ છે. નીતિ આયોગના સભ્ય, ઈસરોના વિજ્ઞાની, ઉદ્યોગપતિઓ, પીડબલ્યુસી તથા જીઆઈએસના પ્રતિનિધિઓની એક જુરી ઉમેદવારી પસંદ કરશે, જે બાદ આશરે ૧૫ અચિવર્સ અને ઈન્ફ્લ્યુઅન્સર્સને વિવિધ શ્રેણી હેઠળ સન્માનિત કરાશે.

જીઆઈએસ એવોર્ડ્સ અંગે પ્રતિક્રિયા આપતા ગુજરાત ઈનોવેશન સોસાયટીના સ્થાપક ચેરમેન શ્રી સુનિલ શાહે જણાવ્યું હતું કે, 'સ્વર્ગસ્થ ડો. અબ્દુલ કલામે કહ્યું હતું કે, 'જે વ્યક્તિ ઈનોવેશન દ્વારા પડકારને તકમાં તબદીલ કરે તે વ્યક્તિ સંપત્તિનું સર્જન કરી શકે છે. તે પુરુષ અથવા મહિલા સાચાઅર્થમાં નેતા છે,' શું તમે છો? જીઆઈએસ ખાતે અમારું માનવું છે કે ઈનોવેશન સારા અને ઉજજવળ ભવિષ્ય તરફ આપણને દોરી જશે. અમારું ધ્યાન ગુજરાતને ઈનોવેશન હબ બનાવવા ઉપર કેન્દ્રિત છે. જેમણે નવીન પ્રોડક્ટ્સ અથવા કાર્યપદ્ધતિ વિકસાવી છે તેવા વ્યક્તિ અથવા સંસ્થાઓ પાસેથી અમે નોમિનેશન મંગાવી રહ્યાં છીએ.'

## ગુજરાત સરકાર માટે ક્લાઉડબાય વિકસાવશે બી2બી માર્કેટપ્લેસ

ક્લાઉડ-આધારિત બી2બી (૨) ઈમાર્કેટની વૈશ્વિક પ્રોવાઈડર ક્લાઉબાય ગુજરાત સરકાર માટે બી2બી માર્કેટપ્લેસ વિકસાવવા સંમત થઈ છે. આ ભારતમાં સૌથી વધુ ઝડપથી વિકસતા રાજ્યોમાંથી એકની વૃદ્ધિને વેગ આપશે, રાજ્યમાં એસએમઈ અને મોટી કંપનીઓને સપોર્ટ કરશે.

ઈ-માર્કેટપ્લેસનો ઉપયોગ એક સિંગલ પ્લેટફોર્મ પર ગુજરાતના વ્યવસાયને પ્રોત્સાહન આપવા માટે થશે, જ્યાં સભ્યો સમગ્ર ભારત અને વિશ્વમાં એકબીજા સાથે ટ્રેડિંગ કરશે. પ્રોજેક્ટ ભારત સરકારની 'ડિજિટલ ઈન્ડિયા' અને 'મેક ઈન ઈન્ડિયા' જેવી પહેલોને સહકાર આપવા વિકસાવવામાં આવ્યો છે. જેનો ઉદ્દેશ ભારતને આંતરરાષ્ટ્રીય ઉત્પાદન કેન્દ્ર બનાવવાનો છે.

આ જોડાણ પર ક્લાઉડબાયના કન્ટ્રી હેડ-ઈન્ડિયા નિલેશ ગોપાલીએ કહ્યું હતું કે, 'આ બી2બી માર્કેટપ્લેસ ગુજરાતમાં વ્યવસાયો માટે વેપારમાં વધારો કરવાની સાથે ઈકોમર્સ અને સંલગ્ન સેવા ક્ષેત્રમાં રોજગારીની તકોને પ્રોત્સાહન આપશે. બી2બી ટ્રેડિંગ તકો વધારે મોટી અને ઝડપી હોવાથી ગુજરાતના વ્યવસાયોને આવકમાં વૃદ્ધિ તથા ભારત અને વિશ્વમાં વધુ લોકો સુધી પહોંચવાનો એમ બે પ્રકારનો લાભ થશે. હું આ પ્લેટફોર્મ પર થનાર વેપારની સંભવિતતાને લઈને રોમાંચિત છુ.'

## મોદી લોકપ્રિય એકશન નેતા તરીકે છે: જીતુભાઈ વાઘાણી

અમદાવાદ, તા.૧૫

પ્રદેશ પ્રમુખ જીતુભાઈ વાઘાણીએ જણાવ્યું હતું કે, હાલમાં થયેલ પાંચ રાજ્યોની વિધાનસભાની ચૂંટણીઓમાં ભારતીય જનતા પાર્ટીએ ભવ્ય વિજય મેળવ્યો છે. પાંચમાંથી ૪ રાજ્યોમાં ભાજપાના મુખ્યમંત્રીઓ સત્તાના સુત્રો સંભાળશે. ઉત્તરપ્રદેશમાં આવેલ વિક્રમજનક પરિણામોની નોંધ માત્ર દેશે જ નહીં, પરંતુ વિશ્વના મોટા મોટા રાજકીય વિશ્લેષકોએ લીધી છે અને નરેન્દ્ર મોદીને સમગ્ર વિશ્વએ એક સફળ ચૂંટણી એકશન નેતા ગણાવ્યા છે. રાષ્ટ્રીય અધ્યક્ષ અમિત શાહને ભારતના રાજકારણમાં એક સફળ ચૂંટણી વ્યુહરચનાકાર તરીકે રાજકીય વિશ્લેષકોએ ગણાવ્યા છે. નરેન્દ્ર મોદીએ લહેરને જનતા જનાર્દને ૩૦૦, ગુજરાતમાં ૧૫૦ના સુત્ર સાથે ભારતીય જનતા પાર્ટી ગુજરાતમાં વિકાસના નામે પ્રજા સમક્ષ જશે. ભાજપાની નરેન્દ્ર મોદીના નેતૃત્વવાળી કેન્દ્ર સરકાર તેમજ વિજય રૂપાણીના નેતૃત્વવાળી રાજય સરકારની વિકાસલક્ષી, પ્રજાલક્ષી, કામગીરીને પ્રજા સમક્ષ લઈ જશે.

## આ પણ વાંચીએ...

### ● ૩૭ વર્ષોથી આ કપલ પહેરી રહ્યુ છે મેચિંગ કપડા



જીવનસાથી સાથે મતભેદ થવા ખુબ જ સામાન્ય છે પરંતુ જાપાનના એક દંપતિના વિચારો એકબીજા સાથે એટલા ભળે છે કે તેઓ છેલ્લા ૩૭ વર્ષથી હંમેશા મેચિંગ કપડાં પહેરે છે. તેઓના મેચિંગ કપડાં હંમેશા આકર્ષણનું કેન્દ્ર બને છે. તેઓ ગમે ત્યારે બહાર જાય ત્યારે હંમેશા મેચિંગ કપડાંમાં જ જોવા મળે છે.

### ● એકલા જ ઘર સંભાળે છે પાંચ વર્ષની આ બાળકી



પાંચ વર્ષની આ નાનકડી છોકરીની જીંદગી અન્ય બાળકોથી સાવ ભીન્ન છે. પોતાની દાદી અને પરદાદી સાથે રહેતી આ બાળકી આટલી નાની ઉંમરમાં આખુ ઘર સંભાળે છે. આ બાળકીના પિતા જેલમાં છે અને માતાએ બીજા લગ્ન કરી લેતા તે દાદી અને પરદાદીના સહારે છે. ચીનના એક પહાડી વિસ્તારમાં દાદી-પરદાદી સાથે રહેતી આ બાળકી ઘરની સાફ સફાઈથી લઈને રસોઈ સુધીનુ તમામ કામ કરે છે. દાદી અને પરદાદીની ઉંમર વધુ હોવાથી તેઓ ઘરનું કામકાજ કરવા અસમર્થ હોઈ આ બાળકી પર તમામ જવાબદારી આવી પડી છે.

### ● ફેસબુક પોસ્ટથી મળ્યો દોઢસો વર્ષ જુનો ખાનદાની લગ્નનો ડ્રેસ

દુલ્હન માટે લગ્ન પ્રસંગે પહેરાતો ડ્રેસ ખુબ જ અગત્યતા ધરાવે છે. આખી જીંદગી તે તેને સંભાળીને રાખે છે. કેટલાક તો આ લગ્નનો ડ્રેસ વર્ષો સુધી સાચવીને રાખે છે. જો આ ખાનદાની ડ્રેસ ખોવાઈ જાય તો શુ થાય. સ્કોટલેન્ડની રહેવાસી ટીસ નેવેલે પોતાના લગ્ન પ્રસંગે ખાનદાની ગાઉન પહેર્યો હતો. આ વેડિંગ ગાઉન દોઢસો વર્ષ અગાઉ બનાવાયો હતો. આ ગાઉન ટીસને ખુબ જ ગમતો હતો. જ્યારે તેને ધોવા માટે લોન્ડ્રીમાં મોકલાયો તો તે ખોવાઈ ગયો ખાનદાની ગાઉન ખોવાઈ જતાં ટીસ ખુબજ પરેશાન થઈ ગઈ અને તેણે ગાઉનની વિગતો અને તેની સાથે જોડાયેલી કથા સોશ્યલ મીડિયા પર શેર કરી દીધી અને આ ખાનદાની ગાઉન શોધવા મદદ માંગી. આ પોસ્ટ થકી આખરે ટીસને તે ગાઉન મળી શક્યો.



## ડૉ. સુરેશ જોશીપુરાને અમેરીકન એકેડમીનો એવોર્ડ અમેરીકા ખાતે એનાયત

ગાંધીનગર, તા. ૧૫

અમેરીકન એકેડમી ઓફ ડર્મેલોજી વિશ્વનું મોટામાં મોટુ ચર્મરોગ નિષ્ણાંતોનું એસોસીએશન છે. તેમજ તાજેતરમાં ઓરલેન્ડો (યુ.એસ.એ.) ખાતે યોજાયેલ કોન્ફરન્સમાં 'મેમ્બર્સ મેઈક ડીફરન્સ' એ.એ.ડી. ના પ્રમુખ ડૉ. એવેલ ટોરેશ દ્વારા અર્પણ કરવામાં આવેલ. આ વિશ્વ કક્ષાનો એવોર્ડ ડૉ. જોશીપુરાએ કરેલા લોકજાગૃતિના કાર્યક્રમ, સંશોધનો તથા દર્દીની સંભાળ માટે આપવામાં આવેલ.




ત્યાર પછી ડૉ. જોશીપુરા બોસ્ટન ખાતે ટફટ્સ હોસ્પિટલમાં, ડૉ. રોઝમેરી સાથે વિચારોનું આદાન પ્રદાન કરેલ અને સફેદ દાગ, સોરીયાસીસ, ઉદરી વગેરે માટે થતી આધુનિક સારવારની વિગત જાણી હતી.

### ટાઉનહોલને... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ખર્ચ થશે. સેકટરોમાં બી ઉપરાંત સી કેટેગરીના ૨૮૦ મકાનો બાંધવા માટે પણ ૭૮.૧૦ કરોડનો ખર્ચ થશે. જયારે ટાઉનહોલની સુધારણા માટે પણ ૮ કરોડના ખર્ચને મંજુરી આપવામાં આવી છે. અત્રે ઉલ્લેખનીય છે કે શેહરમાં સ્થિત એકમાત્ર ટાઉનહોલ છેલ્લા ઘણાં સમયથી ખંડેર હાલતમાં છે. સરકારી કાર્યક્રમો ઉપરાંત નગરના કલાકારોને સ્ટેજ પુરુ પાડતા ટાઉનહોલની દશા સુધારવા અત્યાર સુધી કાગળ પર અનેકવાર કાર્યયોજના બનાવાઈ છે. પરંતુ નાણાંકીય જોગવાઈના અભાવ વચ્ચે ટાઉનહોલની સુધારણાનુ કામ હાથ ધરવામાં આવ્યુ ન હતુ. જયારે દુવિધાઓથી ઘેરાયેલા ટાઉનહોલમાં અનેકવાર કલાકારોને ઈજા પણ પહોંચી હોવાના કિસ્સા ધ્યાને આવ્યા છે. હોલની બેઠક વ્યવસ્થા, એસી પ્લાન્ટ તેમજ સ્ટેજને આનુસંગિક સુવિધાઓના નામે પણ હાલ મીંડુ છે. લાઈટીંગ અને સાઉન્ડ સિસ્ટમ પણ ગમે ત્યારે બંધ થઈ જાય છે. ત્યારે ટાઉનહોલની સુધારણાના કામ સંદર્ભે રૂ ૮ કરોડના ખર્ચને મંજુરી આપવામાં આવતા નજીકના દિવસોમાં ટાઉનહોલ સિકલ બદલાઈ જશે તેમ પણ મનાઈ રહયુ છે. આ ઉપરાંત સેકટરોમાં જુદી જુદી કેટેગરીના સરકારી આવાસો બાંધવા માટે પણ બજેટમાં ખર્ચની જોગવાઈ કરવામાં આવી છે.

### વિધાનસભામાં ગાંધીનગર... ● ત્રીજા પાનાનું ચાલુ

હેઠળ તાલુકાવાર કુલ ૫૬૨ અરજીઓ મળી છે. જયારે આ પૈકી ૪૯૦ અરજીઓ મંજુર કરવામાં આવી છે. જયારે ૧૦૨ અરજીઓ નામંજુર કરાઈ છે. નિયત ઉંમર ન હોવાના લીધે ઉપરાંત બી પી એલ યાદીમાં સ્કોર ન ધરાવતા હોવાની સાથે સ્થળ તેમજ અવસાનના કિસ્સામાં અરજીઓ નામંજુર કરવામાં આવી છે.

**જિલ્લામાં ૨૧૯૩૮ ને કિશોર શક્તિયોજનાનો લાભ**

ગાંધીનગર જિલ્લામાં વર્ષ ૨૦૦૫-૬ થી અમલમાં આવેલ કિશોર શક્તિ યોજના હેઠળ કેટલા લાભાર્થીઓને આવરી લેવામાં આવ્યા છે. ગાંધીનગર ઉત્તરના ધારાસભ્યના પ્રશ્નના જવાબમાં મહીલા બાળ કલ્યાણમંત્રીના જણાવ્યા મુજબ આ યોજના હેઠળ કુલ ૨૧૯૩૮ લાભાર્થીઓને આવરી લેવાયા છે. આ ઉપરાંત ગાંધીનગર ઉત્તરના ધારાસભ્યના અન્ય એક પ્રશ્નના ઉત્તરમાં સામાજિક ન્યાય મંત્રીએ રજુ કરેલા જવાબમાં જણાંવાયા મુજબ વિકસતી જાતિના લોકોને નાણાકીય વર્ષ ૨૦૧૬-૧૭ માં માનવ ગરીમા યોજના અંતર્ગત ૪૦૦ લાભાર્થીઓને કીટનુ વિતરણ કરવામાં આવ્યુ છે.

### તાજપોશી... ● અનુસંધાન પહેલાનું ચાલુ

છેડો ફાડી દઈને ભાજપ સાથે હાથ મિલાવ્યા હતા. બિરેનસિંહ પોતે હીનગેંગ વિધાનસભા ક્ષેત્રના ધારાસભ્ય છે. તેઓ રાજયના ભાજપના પ્રથમ મુખ્યમંત્રી બની ગયા છે. તૃમણૂલ કોંગ્રેસના પાંગીજમને હાર આપી હતી. ફુટબોલ ખેલાડીમાંથી પત્રકાર બનેલા અને ત્યારબાદ રાજનેતા બનેલા બિરેનસિંહે એક સમયે ઈબોબીસિંહના નજીકના વિશ્વાસુ હોવાની છાપ ઉભી કરી હતી પરંતુ ત્યારબાદથી કોંગ્રેસ સાથે તેઓ નારાજ દેખાઈ રહ્યા હતા. આખરે તેઓએ કોંગ્રેસ સાથે છેડો ફાડ્યો હતો. ભાજપ સાથે હાથ મિલાવ્યા હતા. હવે મુખ્યમંત્રી પણ બની ગયા છે. નાયબ મુખ્યમંત્રી તરીકે જોયકુમારસિંહે શપથ લીધા હતા. તેઓ એમપીટીના નેતા છે અને મણીપુરના પૂર્વ ડીજીપી તરીકે સેવા આપી ચુક્યા છે.

### મોઘવારી ભથ્થામાં... ● અનુસંધાન પહેલાનું ચાલુ

મુજબ મોંઘવારી ભથ્થામાં વધારો પહેલી જાન્યુઆરીથી અમલી કરવામાં આવશે. આ મહિનાની શરૂઆતમાં જ કન્ફડરેશન ઓફ સેન્ટ્રલ ગવર્મેન્ટ એમ્પલોઈઝના પ્રમુખ કુટ્ટીએ કહ્યું હતું કે સહમતી મુજબ તૈયાર કરવામાં આવેલી ફોર્મ્યુલા મુજબ કેન્દ્ર સરકારે રીટેઈલ ફુગાવાના સરેરાશ ૧૨ મહિનાના વધારાને ધ્યાનમાં લઈને આ ભથ્થાને મંજુરી આપી છે. સરકારે હાલમાં છેલ્લા કેટલાક દિવસથી આને લઈને ગણતરી કરી હતી. અત્રે નોંધનિય છે કે ગયા વર્ષે સરકારે ડીએમાં છ ટકાનો વધારો કરીને ૧૨૫ ટકા કરી દીધો હતો. મોડેથી ડીએને બેઝીક પગારમાં મર્જ કરવાનો નિર્ણય કરાયો હતો. સાતમાં વેતન પંચની ભલામણોને અમલી કરવામાં આવ્યા બાદ આને તેમાં ભેળવી દેવાનો નિર્ણય કરાયો હતો. કેન્દ્ર સરકારને આજના નિર્ણયથી કર્મચારીઓમાં ખુશી દેખાઈ રહી છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં કેન્દ્રિય કેબિનેટની બેઠક મળી હતી.

### ત્રીજી ટેસ્ટ... ● અનુસંધાન પહેલાનું ચાલુ

ક્રમશઃ ૦, ૧૩, ૧૨ અને ૧૫ રન બનાવ્યા છે. ચાર ટેસ્ટ મેચોની શ્રેણીમાં તેનો કંગાળ દેખાવ જારી રહ્યો છે. બીજી બાજુ ઓસ્ટ્રેલિયાની ટીમમાં ઝડપી બોલર પેટ કમીન્સનો સમાવેશ કરવામાં આવી શકે છે. ઝડપી બોલર સ્ટાર્કને ઈજા થયા બાદ તેની જગ્યાએ ટીમમાં તેનો સમાવેશ કરાયો છે. મુરલી વિજય ભારત તરફથી રમશે કે કેમ તેને લઈને હજુ ચિત્ર સ્પષ્ટ થયું નથી. ઓસ્ટ્રેલિયન ટીમમાં છઠ્ઠા સ્થાને બેટીંગ કોણ કરશે તેને લઈને હજુ દુવિધાભરી સ્થિતિ છે. ઓસ્ટ્રેલિયાની આ ૮૦૦મી ટેસ્ટ મેચ રહેશે. રાંચી ભારતમાં ટેસ્ટ મેચનું આયોજન કરનાર ૨૬મુંસ્થળ બની જશે. ટેસ્ટ ક્રિકેટમાં ૫૦૦૦ રન પુરા કરવા સ્ટીવ સ્મીથને બીજા ૭૬ રનની જરૂર છે. બન્નેએ વર્તમાન શ્રેણીની બન્ને ટેસ્ટ મેચોમાં શાનદાર ભૂમિકા અદા કરી છે. કોહલીએ મેચ પહેલા માહિતી આપતા કહ્યું છે કે અમે ત્રીજા સ્પીનર અંગે વિચારણા કરી રહ્યા છીએ.આ ટેસ્ટ મેચ પહેલા પીચને લઈને ચારેબાજુ ચર્ચા જોવા મળી રહી છે.

### શક્ય જ નથી... ● અનુસંધાન પહેલાનું ચાલુ

ચીપવાળી થિયરીને માની લેવામાં આવે તો પ્રેક્ટીકલ આધાર ઉપર આ બાબત શક્ય નથી. આ માટે લાખો વોટીંગ મશીનમાં આવી ચીપ લગાવવાની જરૂર પડશે જે શક્ય નથી. આ ઉપરાંત આ પ્રકારના ચેડા કરવા માટે અલગ અલગ સ્ટેજ ઉપર સેંકડો લોકોની જરૂર રહી શકે છે. આવી સ્થિતિમાં ઈવીએમમાં ચેડાને ગુપ્ત રાખવાની બાબત શક્ય નથી. કેટલાક લોકોનું કહેવું છે કે અતિ સુરક્ષિત ગણાતા બેંક ખાતાને જ્યારે હેક કરવામાં આવી શકે છે તો ઈવીએમને કેમ નહીં. હેકીંગ માટે એક ઈવીએમને ઈન્ટરનેટ કનેકશનથી જોડવાની જરૂર પડી શકે છે પરંતુ ઈવીએમમાં ઈન્ટરનેટ કનેકશનની કોઈ વ્યવસ્થા નથી.

### ચેડા થયા છે... ● અનુસંધાન પહેલાનું ચાલુ

આવ્યા હતા. કેજરીવાલે વિધાનસભા ચૂંટણીમાં પાર્ટીને મળેલી હાર બાદ દિલ્હીમાં પત્રકાર પરિષદમાં કહ્યું હતું કે દરેક સર્વેમાં આમ આદમી પાર્ટીની જીતની આગાહી કરવામાં આવી હતી પરંતુ અમે બીજા સ્થાન ઉપર ફેંકાઈ ગયા હતા. તમામ લોકો માની ગયા હતા કે પંજાબમાં અકાલી ગઠબંધનને હરાવવા માટે લોકોએ ભારે મતદાન કર્યું છે પરંતુ ગઠબંધનને ૩૦ ટકા વોટ મળી ગયા છે. પંજાબના લોકો એવું માનીને ચાલી રહ્યા હતા કે આમ આદમી પાર્ટીની જીત થઈ રહી છે પરંતુ અમને માત્ર ૨૫ ટકા વોટ જ મળ્યા છે. આખરે આ બાબત કઈ રીતે શક્ય બની. અકાલી ગઠબંધનથી આશરે છ ટકા વોટ અમને ઓછા મળ્યા છે. કેજરીવાલે શંકા વ્યક્ત કરતા કહ્યું હતું કે ઈવીએમ સાથે ચેડાં કરીને આમ આદમી પાર્ટીના વોટ અકાલી ગઠબંધનના ખાતામાં ટ્રાન્સફર કરવામાં આવ્યા હતા. તેમણે આક્ષેપ કરતા કહ્યું હતું કે અમારા ૨૦ થી ૨૫ ટકા વોટ અકાલી ગઠબંધન અને કોંગ્રેસમાં શિફ્ટ કરી દેવામાં આવ્યા હતા.

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, છઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ